

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બેસવા છત નથી, શિક્ષકોની અછત ગૂંજે છે,*
*બોર્ડ નથી બાંકળા, ને સાધનોની ખોટ પૂંજે છે.*
*ગૂંજે ભરાય નાણાં નિમણૂંક ને હેરાફેરીમાં -*
*ઉકરડે બેઠાં બાળ કલ્પે જાણે જ્ઞાનકુંજે છે!!*
*(ચૂંટણી - નાટક)*

**હાઈકુ**

*પાળે વચન,*
*શકન સાચવવા -*
*લ્યો ! લેપટોપ...*

*કરે મશ્કરી -*
*શિક્ષણ જગતની -*
*બનાવે મૂર્ખ...*

### ચિંતન

*અંગ ગલિતં પલિતં મુંડ, દશન વિહીનં જાતં તુંડમ્ ।*
*વૃદ્ધો યાતિ ગૃહિત્વા દંડ, તદપિ ન મુંચતિ આશા પિંડમ્ ॥*

**ઉપરોક્ત શ્લોક પંજરિકા સ્તોત્રમાંથી લેવામાં આવેલ છે.**

**શરીર (અંગ) ગળી ગયું, પાળિયાં આવી ગયાં, વાળ ધોળા થઈ ગયા. દાંત જતા રહ્યા - મોઢું બોખું થઈ ગયું, ચાલવાની શક્તિ રહી નહીં, લાકડીના ટેકે ચાલવું પડે છે તોય નથી છૂટતો પરિવાર, પુત્ર, પત્નીની આસક્તિ. નથી છૂટતો સંસારનો મોળ નથી છૂટતી જીવવાની આશા! અનેક આશાના ગુંચવાળામાં જ તે ગુંચવાતો રહે છે! તે જુએ છે કે જીવનનો સૂર્યાસ્ત હવે નજીક છે. છતાં આશાઓ ઘટતી નથી, ક્ષણે ક્ષણે વધતી જ જાય છે ને સમુદ્રનું ચક્ર તો તીવ્ર ગતિથી ફરતું જ રહે છે.**

### સુવિચાર

- સંગઠનથી નાનાં રાજયો પણ ઉન્નત થઈ શકે છે, પણ વિભિન્ન થવાથી મોટાં રાજયો પણ નષ્ટ થઈ જાય છે - **ફ્રેંકલીન**
- જે ધનાઢ્ય થવાને ઉતાવળો છે તે કયારેક નિર્દોષ રહી શકે નહિં - **બાઈબલ**
- તમારાં બાળકોને કેવળ સદ્ગુણોનું શિક્ષણ આપજો, એક સદ્ગુણ જ તેને સુખી કરશે, સુવર્ણ નહિં - **જહોન મિલ્ટન**
- જે વ્યક્તિ ભલાઈથી પ્રેરાઈને ભલું કરે છે, તે ન તો પ્રશંસાનો આકાંક્ષી હોય છે કે ન તો પુરસ્કારનો, જો કે બંને સ્વતઃ જ તેને અંતે પ્રાપ્ત થઈ જાય છે - **બિશપ કિમ્બરલેંડ**
- સ્વચ્છતા અને શ્રમ મનુષ્યનો સર્વોત્તમ વૈદ છે - **સંત રોબિન**
- ધીરજ-સહનશક્તિના વૃક્ષ પર શાંતિનાં ફળ બેસે છે - **અરબી કહેવત**
- આજનું ઔષધ : દાઝેલા ઘા પર તરત તાંદળજાનો રસ ચોપડવાથી ઠંડક થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

રેલ્વે લાઈનનું સમારકામ ચાલતું હતું. તંબુઓ બાંધીને મજૂરો એ ત્યાં જ વસી કામ કરવાનું હતું.... મજૂરોએ ભૂંડ પાળેલા હતા. એક ભૂંડના ત્રણ બચ્ચા ખીલા સાથે બાંધી રાખેલા હતા. ગાડી ધીમી પડી અને એમાંતી એક યુવાન ઊતરીને પેલા ભૂંડના બચ્ચાને છોડી મૂક્યા. તંબુમાંથી કોઈ વૃદ્ધનો અવાજ આવ્યો, 'મહાશય કેમ આ બચ્ચાને છોડી મૂક્યા??' ત્યારે યુવાને કહ્યું, 'તમે તમારા બાળકોને મુક્ત રાખો છે, અને આ ભૂંડના બાળકોને બાંધી રાખો છે? શું એમને રમવા નહિ જોઈતું હોય? શું ભૂંડ માતાનું ચાલે તો એ એના બાળકોને આમ બાંધી રાખવા દેશે?' યુવાને જોયું કે ભૂંડના બચ્ચા જાણે આનંદમાં આવી દોડાદોડ કરવા લાગ્યા, ઉકરડામાં ખોરાક શોધવા લાગ્યા.

તંબુના વડિલને પણ આ યુવાન ગમી ગયો. એ યુવાનનું નામ 'અબ્રાહ્મ લિંકન.' ભૂંડની જેમ જ ઘણા માનવબાળોને તેણે મુક્તિ અપાવી. ગુલામી પ્રથા બંધ કરી. કાળા, ગોરાનો ભેદ મટાડવા જ તે જીવ્યા અને એ ધ્યેય ખાતર એમણે જિંદગી આપી હતી.

# વિચારના મોઢે તાળાં મારવાનો ખતરનાક ખેલ

**તંત્રીસ્થાનેથી...**

બેંગલુરુનાં પત્રકાર કર્મશીલ ગૌરી લંકેશને એમના જ ઘરમાં પ્રવેશતી વખતે ઢાળી દઈને સાંપ્રદાયિક તત્ત્વોએ ફરી એક વાર પોતાનું વજૂદ અકબંધ હોવાની પ્રતીતિ કરાવી છે. અલબત્ત, હજુ હત્યારાઓ વિશેની વિગતો પૂરેપૂરી બહાર નથી આવી પરંતુ એટલું તો દીવા જેવું સ્પષ્ટ છે કે, અગાઉ ૨૦૧૫માં ધારવાડ ખાતે પ્રગતિશીલ વિચારધારા ધરાવતા લેખક એમ.એમ. કલબુર્ગીની અને કોલ્હાપુર ખાતે સામ્યવાદી નેતા ગોવિંદ પાનસરે તથા રેશનાલિસ્ટ વિચાર નરેન્દ્ર દાભોલકરની પુણે ખાતે હત્યા જેવી જ આ 'કોલ્ડ બ્લડેડ' મર્ડરની ઘટના છે. પોતાના વૈચારિક શત્રુઓને હંમેશને માટે શાંત કરી દેવાની આ ક્રૂર પદ્ધતિ સામે તંત્ર કોઈ કારગત પગલાં નથી લઈ શક્યું એટલું જ નહીં, ઊલટાનાં આવા અસામાજિક તત્ત્વોને વર્તમાન શાસન સાથે નાભિનાળનો સંબંધ હોઈ એ બેખોફ રીતે આગળ વધી રહ્યાં છે. લોકશાહી સામે આવો હિંસક પડકાર અગાઉ કયારેય ઊભો થયો હોય એવું જાણમાં નથી. ઈંદિરા ગાંધીએ લાદેલી કટોકટી વખતે વિરોધીઓને કશું જ કારણ બતાવ્યા વગર જેલમાં પૂરી દેવાયા હતા અને અખબારો પર પણ સેન્સરશિપ લદાઈ હતી તે સર્વવિદિત છે, પરંતુ ત્યારે પણ લેખકો, પત્રકારો અને વિચારકોને વીણી વીણીને ગોળીએ દેવાની ઘટનાઓ નહોતી બની. છેલ્લા થોડાંક વર્ષો દરમિયાન મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં બનેલી આ ઘટનાઓ વર્તમાન શાસનનાં સમર્થક ગણાતાં ઉદ્દામ સાંપ્રદાયિક જૂથોના નામે ચડતી રહી છે અને ગુનેગારોને પણ તંત્ર હળવાશથી લેતું હોવાના સંકેત મળે છે. જો આમ જ ચાલતું રહેશે તો બંધારણમાં આપવામાં આવેલ અભિવ્યક્તિની સ્વતંત્રતાનો કોઈ જ અર્થ નહીં રહેશે નહીં. મીડિયા ફક્ત શાસનની ઉપલબ્ધિઓની જ શરણાઈઓ વગાડ્યા કરે એવી જડબેસલાક ગોઠવણ થતી રહી છે અને વિરોધી સૂરો સીધી રીતે ન માને, કે પોતાની કિંમત વસૂલીને ચૂપ રહેવા સંમત ન થાય તો એમને હંમેશને માટે ચૂપ કરી દેવાનો વિકલ્પ પણ અમારી પાસે છે - એવો સ્પષ્ટ સંદેશ ઉપર જેમનો ઉલ્લેક કરાયો છે તેવા સાચાબોલા, આખાબોલા અને શાસનની સામે પુણ્યપ્રકોપ ઠાલવનારા પત્રકારો, લેખકો કે વિચારકોને ઠાર મારીને વહેતો મુકાતો રહ્યો છે. દેશના કર્મશીલો માટે આજે અસ્તિત્વનો પ્રશ્ન ઊભો થયો છે ત્યારે શાસકો તો એમની સાચી ખોટી સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓના યશોગાનમાં જ રાચી રહ્યા છે. ઘણા વિચારશીલ રાજકીય વિશ્લેષણકારોએ હાલની પરિસ્થિતિને 'અઘોષિત કટોકટી' કહી પોતાની ખેવના વ્યક્ત કરી છે. પરંતુ હાથી તો એની પોતીકી ગતમાં જ ચાલતો અને મહાલતો રહે છે; એને આવો વિરોધી સૂર કાને ધરવાની ફૂરત પણ નથી તેમ એવી જરૂરિયાત પણ નથી લાગતી. અનેક કુરબાનીઓ આપીને મેળવેલી આઝાદી સામે આ અણધાર્યો પડકાર છે. પ્રજા તો વિકાસની ગુલબાંગો અને ઉત્સવના ઘેનમાં આ પડકારથી તદ્દન જ અજાણ છે. પરંતુ પરિસ્થિતિ દિનપ્રતિદિન કાબૂ બહાર જઈ રહી છે અને જો આ જ સિલસિલો જારી રહ્યો તો આગામી થોડાંક જ વર્ષોમાં વિચારશીલ અને ભિન્ન મત ધરાવતા નાગરિકો માટે આ દેશમાં જીવવું દોહ્યલું બની રહેશે. ગૌરી લંકેશની ધૃણાસ્પદ હત્યા પછી શાસનમાં બેઠેલા લોકોએ પણ સમયસર જાગવાની જરૂર છે. આવાં વિઘાતક અને વિધ્વંસક તત્ત્વો સાથે સાંઠગાંટ હોવાની લોકવાયકા પણ વર્તમાન શાસકોને આગામી ચૂંટણીઓ વખતે મોટી અડચણ નીવડી શકે એમ છે. આખરે વિચારોને તાળાં મારવાના હિંસક ઉપાયથી સત્તા મેળવવા કે ટકાવવાની પદ્ધતિ આ દેશની પ્રજાને અનુકૂળ નથી, એટલું સૌએ વેળાસર સમજી લેવાની જરૂર છે.

# ડાયાબિટીસમાં કાળજી અને તેના ઉપાયો






**પહેલું સુખ તે જાતે નર્યા**
**ડૉ. કેદાર ઉપાધ્યાય**

ગુજરાતનાં લોકો માટે ડાયાબિટીસ તો ઘરનો શબ્દ છે. લગભગ દરેક ઘરે ડાયાબિટીસ મહેમાન સ્વરૂપે આવે છે અને ઘરધણી થઈને રહી જાય છે. આયુર્વેદ પ્રમાણે મુખ્યત્વે કફ વધારનાર આહાર-વિહારના અતિસેવનથી તથા આધુનિક વિજ્ઞાન પ્રમાણે પેંક્રિઆસમાં રહેલ લેંગર્હાન કોષસમૂહની વિકૃતિને કારણે થતો આ રોગ આમ તો ગુજરાતવ્યાપી છે એમ કહિએ તો ખોટુ નથી.

જેમ આ રોગ વિષે લગભગ ઘણાંખરા લોકોને ખબર છે તેમ આ રોગની ચિકિત્સા વિષે પણ લોકોને કઈક ને કઈક તો ખબર હોય જ છે. લોકો પોતાની રીતે નાના મોટા ઘરગથ્થું ઉપચારો કરતા જ હોય છે. આ નુસખાઓ ફાયદો આપે જ પણ જો આડેધડ ઉપાયો કરવા માંડીએ તો ઊલમાંથી ચૂલમાં પડ્યા જેવું થાય હાલ સોશીયલ મીડીયાની કૃપાથી લગભગ દરેક રોગોના ઘરગથ્થું ઉપચારો આપણી આંગળીના ટેરવે છે. તકલીફ એ છે કે આપણે યોગ્ય અભ્યાસ વિના જ સીધા ઉપચારોના અખતરા શરૂ કરી દઈએ છીએ. ડાયાબિટીસમાં જાત-ભાતની કડવાણીઓ ફાકવાનું શરૂં કરી દઈએ અને હદ તો ત્યાં થાય કે ડોક્ટરે આપેલ ડાયાબિટીસની એલોપેથી દવા જાતે જ બંધ પણ કરી દઈએ. આવું કરવાથી ખૂબ ખરાબ પરિણામો ભોગવવા પડે. ડાયાબિટીસ કે બી.પી ની લેવાતી એલોપેથીક દવાઓ ડોક્ટરની સલાહ વિના ક્યારેય બંધ ન કરવી જોઈએ. વાત રહી ઘરગથ્થું ઉપચારોની, તો આવા ઉપચારો તો જ ફાયદાકારક નિવડી શકે જો તે આપની પ્રકૃતિને અનુકૂળ હોય અને યોગ્ય માત્રામાં લેવામાં આવતા હોય. એટલે કોઈ પણ ઘરગથ્થું ઉપચાર શરૂ કરતા પહેલા પણ આપના આયુર્વેદિક ચિકિત્સકની સલાહ લેવી જરૂરી છે. હાલનો યુગ લાઈફ્સ્ટાઈલ સાથે સંકળાયેલા રોગોનો છે અને ડાયાબિટીસ પણ તેમાનો જ એક રોગ છે. લાઈફ્સ્ટાઈલ સાથે સંકળાયેલા રોગોમાં આયુર્વેદનાં ખૂબ સરસ પરિણામો આપી શકે છે. આયુર્વેદની પોતાની આગવી નિદાન પધ્ધતિ છે જેના આધારે ચિકિત્સા કરવાથી દૂષીત થયેલા દોષો સમ થાય છે, જે રોગોને જડમૂળથી ડામી દે છે. આયુર્વેદમાં ડાયાબિટીસને લગતા ઘણા ઔષધોનો ઉલ્લેખ છે જેમકે મામેજવો, વડ, હળદર, આમળા, ગળો, મધુનાશિની આદિ... આ ઔષધોને વ્યક્તિની પ્રકૃતિ પ્રમાણે અને નિયત માત્રામાં ઉપયોગ કરવામાં આવે તો ચોક્કસ ફાયદો થાય.

ડાયાબિટીસમાં જેટલી દવાઓ જરૂરી છે તેટલી જ જરૂરી છે આહાર-વિહાર પ્રત્યેની સભાનતા...હવે જોઈએ ડાયાબિટીસમાં ધ્યાન રાખવા લાયક આહાર-વિહાર - રોગની તિવ્રતાને આધારે આહારમાં સાકરનુ પ્રમાણ મર્યાદિત રાખવું - બેઠાડું અને પ્રમાદી જીવન છોડી, રોજ થોડો થોડો શારીરિક તથા મનસિક શ્રમ કરવો. વ્યાયામ એ ડાયાબિટીસ માટેનું ઉત્તમ ઔષધ છે. - વ્યક્તિએ પોતાના બળ મુજબ વ્યાયામ, યોગાસનો, તથા પ્રાણાયામનો અભ્યાસ કરવો - પેટને શ્રમ પડે તેવા આસનો જેમકે ધનુરાસન, હલાસન, સર્વાંગાસન, નૌકાસન આદિ તેમજ કપાલભાતી ક્રિયા ખૂબ ફાયદાકારક છે. વ્યક્તિએ પોતાના બળ મૂજબ વિધિપૂર્વક કરવા - આહારમાં જવનું પ્રમાણ વધારવું. જુના ભાત, મગની દાળ, કારેલા, પરવળ, ડુંગળી તથા સુરણ જેવા શાક વધુ ખાવા.

**- contact@atharvaayu.com**

# મા અંબા કેરાં આરાસુર ધામ જાવું છે...



**મનના ઉમંગો**
**રણછોડ પરમાર**

શંકરદાદાનો શ્રાવણ માસ પૂરો થયો. શિવાલયોમાં ઘંટનાદ અને ઓહ્મ નમઃ શિવાયના અવાજો ખાસ્સા ઓછા થયા. ભોળા શંભુને ખુલ્લી હવા ખાવાની તક મળી અને શરીરને થોડુંક કોરું રાખવાનું ભાગ્ય સાંપડ્યું. બીજી બાજુ ભાદરવો શરૂ થતાં બાબારામદેવના રંગબેરંગી નેજાઓ હવામાં ફડફડવા માંડ્યા. વચમાં હરિયાણામાં રામરહીમબાબા વિરુધ્ધ અદાલતે ચુકાદો આપતાં તેમના અનુયાયીઓએ નાનકડું હુલ્લડ મચાવી દીધું. તેમના સમાચારો છાપામાંથી વિદાય લે તે પહેલાં મા અંબેના ભક્તો હાથમાં લાંબીટૂંકી ધજાઓ હાથમાં લઈ રસ્તાઓ પર આવી ગયા. મા અંબાના જયકારા આરાસુર ભણી વહેવા માંડ્યાં. નાનામોટાં આબાલવૃધ્ધ, નર અને નારી જય અંબે જય અંબે બોલ મારી અંબે, જય, જય અંબે બોલતાં આરાસુરના રસ્તે નીકળી પડ્યા. ઠેર ઠેર ચા-નાસ્તા ભોજન અને રાહતના કેમ્પો ખડા થઈ ગયા. પહેલાં એકલી ભાદરવી પૂનમે શ્રધ્ધાળુ ભક્તો અંબાજી દર્શન કરવા જતા હતા. અમદાવાદથી લાલ ડંડાવાળા અને દૂધવાળી પોળના સંઘો ઘણા વર્ષોથી પગપાળા અંબાજી દર્શન કરવા જતા હતા. હવે પગે ચાલીને જવાની ભક્તિએ ઘેલછાનું સ્વરૂપ ધારણ કર્યું છે. લોકો વાદે વાદે ચાલતા જવા તૈયાર થઈ જાય છે. શરૂઆતમાં જોશભેર કદમ ઉઠાવે છે. રસ્તામાં જમવાની, નાસ્તા કરવાની, ચાપાણી કરવાની મઝા પડી જાય છે. પહેલા દિવસે જ ઘણાનું પાણી મપાઈ જાય છે.સાંજ પડતા સુધીમાં ટાંટિયા નરમ થઈ જાય છે અને મગજ ગરમ થઈ જાય છે. ઢીલાઢફ થઈને પહેલી રાતે કોક રાહત કેમ્પમાં ટુટિયું વળીને પડ્યા રહે છે . બીજા દિવસની સવારે કાં વળતી બસમાં ઘેર પાછા વળી જાય છે. અથવા સંઘના ટ્રેક્ટરમાં બેસી ઝોંકાં ખાતા ખાતા અંબાજી પહોંચે છે. બીજીવાર ચાલતા નહીં જવાની બાધા વગર લીધે આજીવન પળાઈ જાય છે. હરહંમેશ જતા યાત્રાળુઓ અને મક્કમ મનવાળા શ્રધ્ધાળુઓને તકલીફ પડે છે પણ નિરાશ થતા નહીં હોવાથી કોઈ વાંધો આવતો નથી. સુખેદુખે તેઓ આરાસુરના ચોકમાં ધજા ચડાવવા જઈ શકે છે.



આ વરસે વરસાદે ધરતીમાત પર અધિક વહાલ ઢોળ્યું હોવાથી પદયાત્રીઓને રોજેરોજે પલળવું પડ્યું હશે. રેઈન કોટ પહેરીને ચાલવાથી વરસાદથી જાતને બચાવી શકાય છે પણ ભાદરવાની ગરમી કોટની અંદર એવી અસર કરે છે કે લોકો પરસેવાથી જ પલળી જાય છે.વરસાદના ફોરાંથી પલળેલા યાત્રાળુઓની કફોડી દશા થાય છે.કપડાં કોરી જગ્યાએ જઈને બદલી શકાય છે. પણ પલળેલાં કપડાં સૂકવી શકાતા નથી. સૂવાની, બેસવાની, સંડાસ જવાની ઘણી મુશ્કેલી થાય છે.જમવાની પણ મઝા આવતી નથી. પણ જો બધી મઝા જ કરવી હતી ઘેર બેઠા ઈંટરનેટ પરથી દર્શન કરી લેવાનું સુગમ પડતે. હવે કળિયુગમાં આવી રીતે મુશ્કેલીઓ વેઠતા વેઠતા દર્શન કરવા જવાની ધગશને તપ કહેવાય છે.

આવી યાત્રાઓ યોજીને આપણા પૂર્વજોનો મૂળ હેતુ આપણને પ્રકૃતિના સાન્નિધ્યમાં લઈ જવાનો હશે. જાતજાતના વૃક્ષો, પર્વત, ખીણ, ઝરણાં, નદી, લોકો, ગામ , ખેતર, કસ્બા,રસ્તા, પગદંડી,બધુ જોતાં જોતાં અને ખુલ્લી હવા, તડકો, વરસાદ બધું સહન કરતા કરતાં હોઠે મા અંબાનું સ્મરણ કરતા ચાલ્યા જવાની પ્રક્રિયાને પદયાત્રા કહેતા હશે. હવે તો રોજ સવારે ચા-નાસ્તો, બપોરે મિષ્ટાન સહિત સંપૂર્ણ ભોજન, માર્ગમાં ઠંડા પીણા, આઈસ્ક્રીમ, ચોકલેટ અને સાંજે ખીચડી-કઢી, ભાજીપાઉં, ઈડલી આરોગતા આરોગતા હાલ્યા માથું નીચુ રાખીને ચાલ્યા જવાનું. આરાસુરના જંગલોમાં કયા કયા વૃક્ષો થાય છે એવું દસવાર ચાલીને ગયેલા પ્રવાસીને કોઈ દિવસ પૂછવાની ભૂલ ના કરતા. બિચારાએ રસ્તામાં માથુ ઊંચું કરીને આજુબાજુ જોયું હોય તો ખબર હોય ને ? કઈ કઈ વાનગીઓ આરોગી એવું પૂછશો તો અચકાયા વગર કહી બતાવશે. આમ જતાં જતાં ય વચ્ચે થાકી ગયા તો ટેમ્પામાં બેસી જવાનું. વહેલું આવે અંબાજી.અમારા સરકારી કર્મચારી ભાઈઓને સમય પસાર કરવાનો બહુ ભારે પ્રશ્ન હોય છે. તેમના માટે છ-સાત દિવસ મોજથી કાઢી કાઢવાનો સોનેરી અવસર ઊભો થાય છે.જેમની પાસે કોઈ કામ ધંધો નથી તેવા ભાઈઓને પણ સેવાભાવિ ભક્તોની સહાયથી છસાત દિવસ આરામથી નીકળી જાય છે. મા અંબાની સૌના ઉપર અમીનજર છે.

એક બાજુ સ્વાઈન ફ્લુએ મઝા મૂકી છે. સરકાર ઢોલ પીટી પીટીને બહુ માણસો એકઠા થતા હોય ત્યાં નહીં જવાનું કહે છે. બીજી બાજુ આપણે ટોળાં ભેળા કરવાના નિમિત્ત ગોઠવીએ છીએ. શ્રધ્ધા અને આસ્થાની વાત આવે ત્યાં સરકારની સલાહ ગૌણ બની જાય છે. હું બહુ વરસો પહેલાં આવી રીતે એક સંઘમાં અંબાજી ગયો હતો. તે સમયે મેં પગપાળા જવા તૈયાર થયેલા લોકોની ધગશને ઉદ્દેશીને એક ગીત લખ્યું હતું. તે મને ગાવાનું બહુ ગમે છે. (સીદીભાઈને સીદકાં વહાલાં) તમને ગમે તો, એકાદ વાર ઊંચા અવાજે ગાવાની કોશિષ કરજો. મઝા આવી જશે.

ગામ જાવું છે, પરગામ જાવું છે,...
મારે અંબા કેરા આરાસુર ધામ જાવું છે.
મોટા મોટા ગલઢેરા તો ખંખેરે છે જોડા ધીરે ધીરે ચાલ્યા જઈશું, વહેલા નહીં તો મોડાં ચાર વખત પૂછો તો બોલે... શું...બોલે...? ગામ જાવું છે, પરગામ જાવું છે, ... મારે અંબા કેરા આરાસુર ધામ જાવું છે.
નાની વહુવારુ તો શરમાતી કંઈ આવે, પરણેલાની સામું જોતી મલકાતી કંઈ આવે,
હળવે સાદે એ તો બોલે...શું... બોલે...? ગામ જાવું છે, પરગામ જાવું છે,... મારે અંબા કેરા આરાસુર ધામ જાવું છે.
બડકંદા જુવાન આવ્યા, મરડે મોટી મૂછો,ક્યાં જાવાના એ કહેવાના, પૂછો કે ના પૂછો.
ખોંખારા ખાઈ ખાઈને બબોલે, શું...બોલે...? ગામ જાવું છે, પરગામ જાવું છે,... મારે અંબા કેરા આરાસુર ધામ જાવું છે.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# એટલે તો કાળ સામે છું અડીખમ આજ પણ, બાજીઓ હારી હશે, હિંમત હજી હારી નથી!



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

એટલે તો કાળ સામે છું, અડીખમ આજ પણ,
બાજીઓ હારી હશે, હિંમત હજી હારી નથી!
- શૂન્ય પાલનપૂરી

પાંચમી સપ્ટેમ્બર ''શિક્ષક દિન''. અનન્ય પ્રજ્ઞાના ઉત્તુંગ શિખર સમા તત્વજ્ઞ આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી...

''આચાર્ય દેવો ભવઃ'' ની આપણી સંસ્કૃતિ - ને - દર વર્ષે ઉજવાતા શિક્ષકદિનો, દરવર્ષે અપાતા એવોર્ડો અને દિલ્હીમાં કે રાજ્યના પાટનગરોમાં થતું શિક્ષકોનું બહુમાન, શિક્ષકને નવાજતા સુંદર ભાષણો એટલે સોનામાં સુગંધ...!




આપણો ભારતદેશ ''ભારતીય બ્રહ્મેરત'' ભા એટલે જ્ઞાન - જ્ઞાનરત એવા ઋષિમૂનીઓની આ દિવ્ય ભૂમિ છે. જ્યાં પેલો શકુંતલા પુત્ર બાળ ભારત સિંહના દાંત ગણાતો બેઠો છે.... આ પ્રાચી નાં તેજ છેક પ્રતીચી સુધી રેલાયા છે. જ્યાં જ્ઞાન અને જ્ઞાનીનું ગૌરવ સદાકાળ થતું રહ્યું છે એવી આ ભૂમિ પરંતુ આજે ખેદ સાથે કહેવું પડે કે આ માત્ર ગૌરવની ગુલબાંગ જેવું જ છે... આજની કેળવણી વિષે વિચાર કરીએ ત્યારે આંખ સામે એક બિહામણું દશ્ય ખડકાઈ જાય છે. સૌ કોઈ શિક્ષણ કથળી ગયાની કાગારોળ કરે છે. અરે, શિક્ષણ જ નહી પરંતુ જીવનના તમામ ક્ષેત્રોમાં મૂલ્ય હ્રાસ થયેલો જોવા મળે છે. રોજ અખબારી પાને ચમતી ઘટનાઓ એનું જીવંત પ્રમાણ છે.

આજથી બે સદી પૂર્વે વિશ્વના વિચારકો એવું માનતા કે જગતમાં શિક્ષણ વધશે તો મોટાભાગની સમસ્યાઓ ઉકેલાઈ જશે. દીન- દુઃખી, દુર્બળ કે અશિક્ષિત નહિ રહે. સર્વત્ર ભાઈચારો ને પ્રેમનું સામ્રાજ્ય હશે. પૃથી પર સ્વર્ગ ઉતરી આવશે. પરંતુ આજે એ ધારણાઓ સદંતર ખોટી પૂરવાર થઈ છે. શિક્ષણ વધ્યું એની સાથે સાથે ચોતરફ શિસ્ત વિનાની સંસ્કૃતિ પણ વિસ્તરતી જાય છે. આપણે એવું માનતા, સા વિદ્યા યા વિમુક્તયે'' પણ આ વિદ્યા સુખ,શાંતિ કે સમસ્યામાંથી મૂકતી અપાવતી જ નથી. વિનય વિવેક ને સમજણ ખીલવનારા શિક્ષણે તો માણસને અવિવેકી, અછકલો ને ચાલાક બનાવી દીધો છે! કહેવાતા અભણ પાસે કોઠાસૂઝ હોય છે પણ આજના ભણેલા તો સાવ અભણની જેમ વર્તે એ જોઈ દુઃખ થાય છે. આવી જ વેદના કવિશ્રી સુરેશ દલાલે એક કાવ્યમાં વ્યક્ત કરી છે. ''ભણેલા માણસો આટલા અભણ કેમ?'' આ વેદના સૂર ઘણું બધુ કહી જાય છે... ટટ્ટાર ઉભા રાખનાર શિક્ષણે જ માણસને સાવ બેવડ વાળી દીધો છે. આજે ચારેબાજુ અસંતોષ, માનસિક તાણ ને રઘવાટ જોવા મળે છે... આ બધાથી સુજ્ઞજન વાકેફ છે... ચિંતિત છે...

દોસ્તો, આ બધી કાગારોળ છોડી જો શાંત ચિત્તે વિચારીએ તો એટલું અવશ્ય સમજાય કે આ મૂલ્ય હ્રાસની સડકે દોડી રહેલા જીવનનું પ્રેરક સત્તા —સંપત્તિની લાલસા છે. બાળક તો નિર્દોષ છે. એ તો જેવું જુએ ને સાંભળે એવું જ કરતુ હોય છે. બાળક શરૂમાં મા — બાપ — કુટુંબ — પરિવાર — સમાજના સંસર્ગમાં અનૌપચારિકપણે ઘણું બધુંઆત્મસાત કરીને પછી શિક્ષક પાસે આવે છે. એને તો આંખસામે થતો વાસ્તવદર્શી વ્યવહાર ને શાળાની ચાર દીવાલો વચ્ચે થતી આદર્શની વાતો આ બંનેમાં સ્પષ્ટ વિરોધાભાસ બાળકને સતત મૂન્જાવે છે. બાળકની હાજરીમાં બેધડક જુઠ્ઠું બોલતાં મા-બાપ એમના મોઢે સતત પૈસા - પૈસાની વાતો આ શબ્દોનું ઝેર ધીરેધીરે બાળકના જીવનમાં પ્રવેશે છે. બાળક જયારે મોટો થાય છે ત્યારે એને એમજ લાગે છે કે દુનિયામાં ''પૈસા'' સર્વશ્વ છે. પૈસો જ એના કેન્દ્રમાં આવી જાય છે ને પોતે પરિઘ પર ધકેલાઈ જાય છે. સમાજ ના સ્થાપિત હિતો અનીતિ આચરીને બીજાને લૂંટી - ચૂસીને અઢળક સંપત્તિના માલિક બને, સમાજ પાછો આવા લોકોને મંચસ્થ બનાવી હાર તોરા કરે ને સન્માને આને પરિણામે સમાજમાં ખોટો સંદેશ જાય છે પરિણામે પૈસા માટે સંઘર્ષ કે શોષણ કરવાનો છોછ કોઈને હોતો નથી.તેથી જ કરચોરી, ભ્રષ્ટાચાર,. લાંચરુશ્વત, દગાખોરી ને લાગણી શૂન્યતા છડેચોક વ્યાપી ગઈ છે...

આપણું આજનું શિક્ષણ કે જે વ્યક્તિમાં પડેલી સુષુપ્ત શક્તિઓ બહાર આણવાને બદલે બહારનું ઠાંસી ઠાંસીને અંદર ભરવા માથે છે. બાળક માહિતીનું ગોદામ-વખાર જ બની જાય છે. અને પરીક્ષા ટાણે તેનું વમન ઉલટી કરી નાખે તે જ તેનું કૌવત..!! પેલી દેશી બંદૂકની જેમ એક વાર ધડાકો કરી નાંખ્યો એટલે ખાલીખમ... નિરર્થક.... જે ભણતર,ગણતર ને ઘડતરમાં જ ન પરિણમે તેને શિક્ષણ કહેવાય ખારું?!

આમ આ બધા જ જવાબદાર લેખાય. ગરીબની વહુ સૌની ભાભી એ ન્યાયે માત્ર ને માત્ર શિક્ષકને જ ગાળો દેવી યથોચિત નથી. એટલા માટે ઝવેરચંદ મેઘાણીએ કહ્યું હતુ કે શિક્ષકોને આદર્શના મહેણાં મારશો નહિ. બાળક માત્ર પાંચ કલાક જ શાળામાં રહે છે બાકી નો સમય કુટુંબને સમાજમાં વ્યતીત કરે છે.છતાં જો શિક્ષક ધારે તો આશાસ્પદ વાતાવરણ સર્જી શકે છે.

શિક્ષક એ રાષ્ટ્રની સન્માનનીય વ્યક્તિ એટલા માટે છે કે તે સમાજમાં વિચરતા વિવિધ જૂથોનાં બાળકોને નરમાંથી નારાયણ ને કંકરમાંથી શંકર બનાવે છે. પોતાને સોંપાયેલા જડ,મૂઢ,સંસ્કારરહિત કે સંસ્કાર તરફ અભાન અને રીતભાતની સુટેવ - કુટેવવાળાં બાળકોને વિષમ શિક્ષણ દ્વારા સમાજનાં અપેક્ષિત મૂલ્યોનું સિંચન કરે છે. અને તેને સમાજોપયોગી બનાવે છે. આમ સમાજોપયોગી બનેલો આ ભાવિ નાગરિક વળી પાછો પોતાનાં મૂઢ, જડ, અને અસંસ્કારી ને અપરિપકવ બાળકને શિક્ષક પાસે મોકલે છે. આમ સતત પેઢી દર પેઢી શિક્ષક વિદ્યાર્થીને ઘડી સમાજને રંગસભર ને રસસભર બનાવી એક ઉપવનના માળી જેવું કામ કરી સમાજની ને રાષ્ટ્રની રોનક વધારે છે. આટલું જ જો દરેક શિક્ષક સમજે અને પોતાનું કર્મ ફળ સ્વરૂપે સમાજને ધરશે તો સમાજમાં પ્રતિષ્ઠાનું સ્થાપન આપોઆપ થશે જ... શિક્ષક તો શિલ્પી, ઈજનેર, ને માળી ના નામે ઓળખાય છે એના હાથે તો હંમેશ

**અનુસંધાન પાના નં. ૭ પર**